The finding and in the case of conviction a brief statement of the reasons therefore :-

7. આરોપી સામે ફરિયાદ પક્ષે ધી બોમ્બે પ્રોહી. એકટની ક.૬૬(૧)(બી) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ થયેલ છે.

આરોપીને ક્રિ.પ્રો.કોડની ક. ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આંક–૩ થી તેની પ્લી લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને આંક–૪ થી ગુના કબુલાતની પુરસીસ રજુ કરી ગુનો સ્વેચ્છાએ કબુલ કરવા માંગે છે તેવી રજુઆત કરતાં તેને કાયદાની જોગવાઈઓથી વાકેફ કરી જણાવવામાં આવેલ છે કે, તેણે ગુનો કરેલ છે તે બદલ તેને સજા કરવામાં આવશે અને સાથેસાથે કોર્ટ તરફથી કોઈપણ જાતનો છોડી મુકવા અગર તો ગુનો કબુલ કરવાની સજામાંથી મુકિત મળશે, તેવી કોઈપણ પ્રકારની બાંહેધરી આપવામાં આવેલ નથી. ત્યારબાદ પણ આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છિકરીતે ગુનો કબુલ કરેલ છે. તેથી, આ અદાલતે આરોપીની કબુલાત સ્વીકારેલી છે.

આરોપીએ જણાવ્યા મુજબ તેનો આ પ્રથમ ગુનો છે, ગરીબ અને મજુર વર્ગનો માણસ છે, તેના ઉપર કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે, હવે પછી આવો ગુનો કરશે નહીં તેવી ખાત્રી આપે છે, અને દયા દાખવવા વિનંતી કરેલ છે. આમ, આ કામે આરોપીને આક્ષેપીત ગુના બદલ કાયદામાં ઠરાવ્યા મુજબની શિક્ષા કરવાની થાય છે તે સ્વાભાવિક છે. પરંતું, જી.એલ.આર. ૨૦૦૫ ના પાન નં. ૭૦૯ થી પ્રસિધ્ધ થયેલ ધી સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરસીંહ હરચંદજી ઠાકોરવાળા ચુકાદામાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, કોર્ટ નશાબંધી ધારા હેઠળના કેસમાં આરોપી ગુનો કબુલ કરે ત્યારે, ખાસ અને પૂરતા કારણો જણાય તો તેને કાયદામાં ઠરાવેલ લઘુત્તમ સજા કરતાં ઓછી સજા તેના પ્રથમ ગુના માટે કરી શકે છે. આરોપીની રજુઆત અને તેની સ્થિતિ તેમજ ગુનો થતી વખતના સંજોગો તથા તમામ હકીકતો જોતાં, ના. ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનો પ્રથમ ગુનો હોવાની રજુઆત છે, ગરીબ માણસ છે, તેના ઉપર કુટુંબના ભરણ પોષણનો આધાર છે, ગુના અંગે પસ્તાવો કરે છે, ભવિષ્યમાં આવો ગુનો

કરશે નહીં તેવી આરોપી ખાત્રી આપે છે અને દયાની માંગણી કરે છે. આ તમામ હકીકત ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવા માટે વ્યાજબી અને પુરતા કારણો છે. તેમજ આરોપીને સુધરવાની તક મળી રહે તે હેતુથી પણ, તેને વધુ શિક્ષા ન કરતાં કાયદામાં નિર્ધારીત કરેલ શિક્ષા કરતાં હળવી શિક્ષા કરવી વ્યાજબી અને યોગ્ય જણાતું હોઈ, આરોપીની સ્વૈચ્છિક કબુલાત લક્ષમાં લઈ આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

8. Sentence of Final Order :-

મફાજી મોબતાજી ઠાકોર રહે. ખાણોદર જુના, તા.દિયોદર , જી.બનાસકાંઠા

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧) (બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષીત ઠરાવી કલમ–૬૬(૧)બી ના રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરાનો) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

9. Date on which the proceedings terminated.

10. Remarks

દોષીત ઠરાવ્યા.

આજરોજ તારીખ ૧૨મી નવેમ્બર, સને–૨૦૨૨ના રોજ નેશનલ લોક અદાલતમાં 'સ્પેશ્યલ સીટીંગમા' વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ:–દિયોદર
તારીખ:–૧૨/૧૧/૨૦૨૨

(ડો. મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)
એડીશ્નલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ અને
સ્પેશ્યલ સીટીંગ જજ,દિયોદર
જજ કોડ જીજે ૦૦૮૬૦